મંદીનો દોર પૂર્ણ થઈ ચુક્યો છે અને રીકવરી થશે : મોન્ટેક

નવી દિલ્હી, તા. ૧૫

અર્થતંત્રમાં મંદીનો દોર પૂર્ણ થઇ ગયો છે અને આગામી છ મહિનામાં જોરદાર રીકવરી જોવા મળશે. આયોજન પંચના નાયબ અધ્યક્ષ મોન્ટેક સિંહ આહલુવાલિયાએ આજે આ મુજબનો દાવો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે હવે જોરદાર વિકાસ રીકવરી નોંધાશે. યશ બેંક અને અન્યો દ્વારા આયોજિત એક બેંકિંગ સેમિનારમાં આહલુવાલિયાએ કહ્યું હતું કે આ વર્ષના બીજા છ મહિનાના ગાળામાં રોકાણકારોનો આત્મવિશ્વાસ વધશે. રોકાણકારોના વિશ્વાસને જગાવવા માટે છેલ્લા થોજાક દિવસમાં લેવામાં આવેલા પગલાના કારણે નવી આશા જાગી છે. આની અસર પણ હવે જોવા મળશે. તેમણે કહ્યું હતું કે વર્ષના બીજા ગાળામાં વધુ સારો જીડીપીનો આંકડો રહેશે. મોન્ટેકે કહ્યું હતું કે વર્તમાન વર્ષના પ્રતમ છ



મહિનામાં જીડીપી ગ્રોથ રેટ ૫.૫ ટકા રહ્યો છે અને આશા છે કે વર્ષના બીજા છ મહિનાના ગાળામાં જીડીપી વિકાસ દર છ ટકાની આસપાસ રહેશે. ત્યારબાદ તેમાં વધારે સારો સુધારો થશે.મોન્ટેકે અનેક મુદ્દાઓ પર વાત કરી હતી. તાજેતરમાં કરવામાં આવેલા પીએમઆઇ સર્વે અને ઓગષ્ટ મહિનામાં આઇઆઇપીના આંકડામાં માહિતી આપવામાં આવ્યા બાદ મોન્ટેકે આ મુજબનીગણતરી કરી છે. તેમણે કહ્યું છે કે અમને બે સંકેત પહેલાથી જ મળી ગયા છે. અર્થતંત્ર પાટા પર આવી જશે તેવી વાત કરતા તેમણે કહ્યું છે કે સ્થિતીમાં ઝડપી ફેરફાર થઇ રહ્યો છે. સરકાર પહેલાથી સક્રિય થઇ ગઇ છે. જેથી નવી આશા દેખાઇ રહી છે. મહિનાઓ સુધી મંદી રહ્યા બાદ ઓગષ્ટ મહિના માટે ફેક્ટરી ઉત્પાદનના આંકડામાં સુધારો થયો છે. તેમા સુધારો થયો છે. જો કે એપ્રિલ ઓગષ્ટ આઇઆઇપી આંકડા એક વર્ષ અગાઉ ૫.૬ ટકાની સામે ૦.૪ ટકાના દરે ફ્લેટ રહ્યા છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નિરાશાજનક દેખાવના કારણે ાઇપીઆઇના આંકડા નબળા દેખાઇ રહ્યા છે. નિતીમાં વિલંબ માટે ગઠબંધન દબાણને દોષિત ઠેરવતા તેમણે કહ્યું હતું કે સુધારાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ નીતી જારી જ રહેશે. તેમણે કહ્યું હતું કે મંદી વૈશ્વિક મંદીના કારણે સંપૂર્ણપણે ન હતી. અન્ય પરિબળો પણ જવાબદાર હતા. ઈન્ફ્રા પ્રોજેક્ટોને ઝડપથી મંજૂર કરવામાં આવ્યા ન હતા અને અમલીકરણને લઇને સમસ્યા સર્જાઇ હતી. હવે મંદીનો દોર પૂર્ણ થઇ ગયો છે. રોકાણકારોના વિશ્વાસને વધારવા અને અર્થતંત્રમાં પ્રાણ ફુંકવા માટે અનેક પગલા લેવામાં આવ્યા છે જેથી તેની સીધી અસર જોવા મળનાર છે.

આહલુવાલિયાએ કહ્યું હતું કે ફુગાવો હજુ પણ સંતોષજનક સપાટી પર ઉપર છે. તેને લઇને ચિંતા પ્રવર્તી રહી છે. ફુગાવાને સંતોષજનક સપાટી પર લાવવા માટે પગલા લેવાનો સંકેત પણ તેમણે આપ્યો હતો.

સમાચાર ઝલક

- અમદાવાદમાં ૯ દેશોનાં વિદ્યાર્થીઓ એક સાથે ગરબા ગુમશે તેવું આયોજન.
- ૫ વર્ષમાં કરોડપતિઓની સંખ્યામાં જંગી વધારો.
- દેશમાં ૧૦,૦૦૦થી અધિક ફોન ટેપ થાય છે, રાષ્ટ્રદ્રોહી તત્ત્વો પર વોચ.
- થાનમાં ત્રણ સંતાનો સાથે રાખી માતાનું અગ્નિસ્થાન, માતાનું મોત.
- ૩૪ વર્ષ બાદ અદ્‌ભૂત સંયોગ, મંગળવારે નવરાત્રી શરૂ, મંગળવારે નવરાત્રી પૂર્ણ.
- સલમાન ખુરશીદના ટ્રસ્ટની અનિમિતતાઓને કેગનું સમર્થન.
- આજે વર્લ્ડ બોસ-ડેની ઉજવણી થશે, બોસનાં ખરાબ વર્તનથી કર્મચારીઓ નોકરી છોડે છે.
- એલિઝાબેથ ટેલરનાં રોનાલ્ડ રેગનની સાથે પણ સંબંધ હતા, નવા પુસ્તકમાં ચોંકાવનારી વિગતો.
- રૂા. ૨.૫૦ લાખથી વધુ રોક્ડ રકમ લઇ જતા પ્રજાજનો ગભરાય છે, મંદીનો માહોલ.
- ગુટખા ઉપર પ્રતિબંધ છતાં બદલાયેલા સ્વરૂપમાં ધૂમ વેચાણ.
- લાપત્તા ગુરૂની તપાસ માત્ર મને ફસાવી દેખાવોનો ખેલ : યોગગુરૂ બાબા રામદેવ.
- દેશભરમાં આઇફોન-૫ની કિંમત ૪૫-૪૮ હજાર રહેશે.
- ચૂંટણી ફરજમાંથી છટકવા કર્મચારીઓ છીંડા શોધવા માંડ્યા.
- હેંમત ચૌહાણને અકાદમી રત્ન એવોર્ડથી નવાજવામાં આવ્યાં.
- અમદાવાદમાં પાકિસ્તાન માટે જાસૂસી કરતા બે શખ્સો ઝડપાયા.
- દાયકા જૂના પ્રશ્નો માટે શિક્ષકો લડતનાં મૂડમાં.
- તહેવારોની મોસમમાં તેજીના સંકેત, સપ્તાહમાં ૬ નવી કાર લોન્ચ થશે.
- ઇન્ટરનેટનાં ગંદવાડથી યુવાપેઢી વિકૃત્તિનો શિકાર.
- સાદિક જમાન કેસ - નિયત સમયમાં ચાર્જશીટ ન થતાં પત્રકાર કેતન તિરોડકર જામીન મુક્ત.
- ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીએ સુરેશ કલમાડી સાથે છેડો ફાડ્યો.
- બે વર્ષની દીકરીને નિર્દયતાથી ફટકારનાર માતાને ૯૯ વર્ષની સજા અમેરિકન કોર્ટે ફટકારી.

દેખાવો હાલ મોકુફ રાખવાનો એકાએક કેજરીવાલનો નિર્ણય

નવી દિલ્હી, તા. ૧૫

એક આશ્ચર્યજનક ઘટનાક્રમના ભાગરૂપે સામાજિક કાર્યકરમાંથી નેતા બનેલા અરવિન્દ કેજરીવાલે આજે જાહેરાત કરી હતી કે તેઓ કેન્દ્રિય કાયદા પ્રધાન સલમાન ખુરશીદ સામે હાલમાં તેમના આંદોલન અને દેખાવોને મોકુફ રાખી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે આગામી ખુલાસો અને ધડાકો હવે ૧૭મી ઓક્ટોબરના દિવસે કરવામાં આવશે. કેજરીવાલે કહ્યું હતું કે તેઓ તેમના આંદોલનને હાલ મોકુફ રાખી રહ્યા છે બંધ કરી રહ્યા નથી. કેજરીવાલની આ પ્રતિક્રિયા પણ હાલ ભારે ચર્ચા જગાવી રહી છે. કારણ કે હાલમાં કેજરીવાલે કહ્યું હતું કે જ્યાં સુધી ખુરશીદ રાજીનામુ આપશે નહી ત્યાં સુધી તેમનું આંદોલન જારી રહેશે. કેજરીવાલે એકાએક ગુંલાટ મારી દીધી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે અમે હાલ આંદોલન મોકુફ કરી રહ્યા છીએ. જો કે અમે ગામોમાં જઈશુ. લડત જારી રહેશે. ફરુકાબાદના દરેક ગામમાં લડત જારી રાખવાની તેમણે વાત કરી હતી.

ભારતના દુશ્મનોને રશિયા ક્યારેય હથિયારો નહી આપે

નવી દિલ્હી,તા. ૧૫

રશિયાએ ખાતરી આપતા કહ્યું છે કે તે ભારતના દુશ્મનોને ક્યારેય હથિયારો ઉપલબ્ધ કરાવશે નહી. આ ઉપરાંત ભારતના પ્રવાસે આવેલા રશિયન નાયબ વડાપ્રદાન દામિત્રી રોગોજિને કહ્યું હતું કે નવા માલવાહક વિમાન અને ટેકોના નિર્માણની સાથે સાથે સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્રમાં સહકાર વધારવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે. રશિયા પાકિસ્તાનને હથિયારો આપશે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે અમે ભારતના દુશ્મનોની સાથે ક્યારેય સોદાબાજી કરીશુ નહી. તેમણે કહ્યું હતું કે રશિયાને ભારતને

હથિયાર આપવા સામે કોઈ રોક નથી. કારણ કે અમારા સંબંધોમાં કોઇ વિવાદ અથવા તો વિરોધાભાસની સ્થિતી નથી. તેમણે કહ્યું હતું કે બીજા દેશોની જેમ અમે ક્યારેય ભારતની સરહદ પર સમસ્યા ઉભી કરી રહ્યા નથી. ભારતના મિત્ર હોવાના કારણે રશિયાને રાહત રહી છે. રોગોજિન આજે વિદેશ પ્રધાન એસએમ કૃષ્ણાને મળ્યા હતા. તેઓએ વેપાર, અર્થતંત્ર, વિજ્ઞાન અને ટેકનોલોજી અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સંબંધ વધુ મજબુત કરવા પર વાત કરી હતી.રશિયન નેતાએ કહ્યું હતું કે રશિયા છ ટન વજન વાળા માલવાહક વિમાન અને યુદ્ધ ટેકના નિર્માણના ક્ષેત્રમાં ભારતની સાથે વદુ સહકાર કરવા માટે તૈયાર છે. સંયુક્ત રીતે બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઇલના સફળ નિર્માણની પણ તેઓએ વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે રશિયા સાથે આગામી દિવસોમાં સંબંધો વદુ મજબુત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત અને રશિયા વચ્ચે સંબંધો હમેંશા ખુબ મજબુત રહ્યા છે. રશિયા ભારતને તેના સૌથી નજીકના દેશ તરીકે ગણે છે. દરેક મામલે રશિયાએ ભારતને સાથ આપ્યું છે. આજ કારણસર તેમની વચ્ચે દ્વિપક્ષીય સંબંધો હમેંશા વધારે વિશ્વાસવાળા રહ્યા છે.

કોલસા કાંડમાં સાત શહેરોમાં સીબીઆઈના વ્યાપક દરોડા

નવી દિલ્હી,તા.૧૫

કોલસા બ્લોક ફાળવણી કૌભાંડમાં તપાસના સંબંધમાં સીબીઆઈએ ફોરજરી અને છેતરપિંડી બદલ બે કંપનીઓ સામે એફઆઈઆર દાખલ કરી છે. બે નવી એફઆઈઆર દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ આજે સવારે સીબીઆઈની ટૂકડીએ સાત શહેરોમાં એક સાથે દરોડા પાડ્યા હતા. દિલ્હી અને હૈદરાબાદ સહિતના ૧૬ સ્થળો ઉપર એક સાથે ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી દરમિયાન કેટલાક વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. સીબીઆઈએ ફોરજરી અને છેતરપિંડી બદલ એક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટીલ કંપની સામે કેસ દાખલ કર્યો છે. કોલસા બ્લોકની ફાળવણી માટે અરજી કરતી વેળા આ છેતરપિંડી આંચરવામાં આવી હતી. કેસ દાખલ કર્યા બાદ હૈદરાબાદ, સતના, સિંકદરાબાદ, વિશાખાપટ્ટનમ, જયપુર, રોરકેલા, દિલ્હીમાં ૧૬ સ્થળો ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. આ કંપનીઓના ઓફિસો ઉપર દરોડા વેળા દસ્તાવેજોમાં ચકાસણી કરવામાં આવી હતી. સૂત્રોએ કહ્યું છે કે કંપનીઓએ કોલસા બ્લોક મેળવવા માટે તેઓ લાયક છે તે દર્શાવવા માટે તેમની સંપત્તિ અંગે ખોટી માહિતી ઉપલબ્ધ કરાવી હતી. વર્ષ ૨૦૦૬-૦૯ દરમિયાન કોલસા બ્લોક ફાળવણી સાથે સંબંધિત ઘણા કેસ નોંધવામાં આવી ચૂકયા છે. સીબીઆઈએ અગાઉ તપાસના સંબંધમાં સાત એફઆઈઆર દાખલ કરી હતી. કોલસા કૌભાંડના કારણે યુપીએ સરકારની ઊંઘ હરામ થઈ ગઈ છે. કેંગે પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે ધારાધોરણો વગર કોલસા બ્લોક ફાળવણીના કારણે તિજોરીને અભૂતપૂર્વ નુકસાન થયુંહતું. કેગનો અહેવાલ આવ્યા બાદ સંસદની કામગીરી ઘણા દિવસ સુધી ખોરવાઈ ગઈ હતી. યુપીએ સરકારના રાજીનામાની માંગણી કરીને ભાજપ અને અન્ય પક્ષોએ સંસદની કામગીરી ચાલવા દીધી ન હતી. સીબીઆઈ આ મામલામાં ઝીણવટભરી ચકાસણી ચલાવી રહી છે.

બિહારમાં બંધની વ્યાપક અસર

પટણા,તા. ૧૫

બિહારના મધુબાની શહેરમાં ગયા સપ્તાહમાં પોલીસ ગોળીબારમાં ત્રણ લોકોના મોત થયા બાદ આ બનાવ સામેના વિરોધમાં આજે બિહાર બંધની હાકલ કરવામાં આવી હતી. જેની વ્યાપક અસર જોવા મળી હતી. બંધ દરમિયાન દેખાવ કરી રહેલા રામ વિલાસ પાસવાન અને લાલુ પ્રસા યાદવ સિહતના અનેક નેતાઓની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે માહિતી આપતા કહ્યું હતું કે લોક જન શક્તિ પાર્ટીના રામ વિલાસ પાસવાન અને રાષ્ટ્રીય જનતા જળના નેતા લાલુ પ્રસાદ યાદવની તેમના પક્ષના સેંકડો નેતાઓની સાથે શહેરનમા ડાક બંગલા કોસિંગ ખાતે અટકાયત કરી લેવામાં આવી હતી. લોક જનશક્તિ પાર્ટીના વડાએ માંગ કરી હતી કે નિતીશ કુમારના નેતૃત્વમાં સરકારને બરખાસ્ત કરવામાં આવે તે જરૂરી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને કાબુમાં લેવામાં સરકાર નિષ્ફળ રહી છે. મુખ્ય વિરોધ પક્ષના નેતા લાલુ પ્રસાદ યાદવે પણ રાજ્ય સરકાર સામે સુત્રોચ્ચાર કર્યા હતા. બંધના ભાગરૂપે ટ્રેનનો રોકવામાં આવી હતી. બિહારમાં મોટા ભાગના વિસ્તારોમાં બસ માર્ગો પર દેખાઇ ન હતી. બંધના કારણે લોકો અનેક લોકો મુશ્કેલીમાં મુકાઇ ગયા હતા. વિરોધ પક્ષોના કાર્યકરો રેલવે ટ્રેક પર નાકાબંધી કરી હતી. કાર્યકરોએ જુદા જુદા સ્થળે ટ્રેનોને રોકી હતી. પોલીસ ગોળીબારમાં ત્રણ લોકોના મોત મધુબાનીમાં થયા બાદ તેને લઇને જોરદાર વિરોધ હાલમાં કરવામાં આવી રહ્યો છે. બંધને ટેકો આપનારમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને કોંગ્રેસ પાર્ટીનો સમાવેશ થાય છે. કેટલીક લાંબા અંતરની ટ્રેનોને રોકવામાં આવી હતી. રાજ્યમાં ટ્રાફિકને માઠી અસર થઈ હતી.

ગોવામાં હેલિકોપ્ટર તુટી પડતા ત્રણના કરૂણ મોત

પણજી,તા. ૧૫

ગોવામાં નૌકા સેનાનું હેલિકોપ્ટર તુટી પડતા આજે ત્રણના મોત થઈ ગયા હતા. નૌકા સેનાના સુત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે એક ચેતક હેલિકોપ્ટર સવારે ડાબોલિમ વિમાનીમથકે ઉતરાણ કરતી વેળા તુટી પડ્યું હતું. બનાવના કારણે તેમાં આગ ફાટી નિકળી હતી. આ હેલિકોપ્ટરમાં નૌકા સેનાના બે અધિકારી અને એક કેપ્ટન હતા. બનાવમાં તમામ ત્રણેયના મોત થયા છે. આ હેલિકોપ્ટર મુંબઈથી ડાબોલિમ જઈ રહ્યું હતું. ઉતરાણ કરતી વેળા હેલિકોપ્ટરનું રોટર તુટી જતા હેલિકોપ્ટરમાં આગ ફાટી નિકળી હતી. સુત્રોએ કહ્યું છે કે હેલિકોપ્ટર અકસ્માતનો શિકાર થયા બાદ અહીંથી તમામ ફ્લાઈટોની સેવાને માઠી અસર થઈ હતી.

એફડીઆઇ અંગે નિયમમાં સુધાર કરવા માટે સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હી, તા. ૧૫

સુપ્રીમ કોર્ટે રીટેલમાં એફડીઆઈને મંજૂરી આપવાના કેન્દ્ર સરકારના નિર્ણય પર આજે મનાઈહુકમ આપવાનો ઇનકાર કરી દીધો હતો. જાહેરહિતની અરજી પર વધુ સુનાવણી સુપ્રીમકોર્ટ પાંચમીના રોજ મુકરર કરી હતી. જાણીતા વકીલ મનોહરલાલ શર્માની જાહેર હિતની અરજી પર સુનાવણી કરતાં સુપ્રીમકોર્ટે ટિપ્પણી કરી હતી કે આ નીતિમાં નિયમોને જોતાં અમુક ખામી છે. રીટેલમાં સીધા વિદેશી મૂડીરોકાણને મંજૂરી આપતાં જાહેરનામું બહાર પાડતાં પહેલાં વિદેશી રોકાણ પ્રબંધન કાયદાના નિયમોના સંશોધન કરી લેવું જોઈતું હતું. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું ક, ફેમાની નિયમોમાં સંશોધન કરીને રીઝર્વ બેંક આ ખામીને દૂર કરી શકે છે. કોર્ટે વધુમાં કહ્યું હતું કે, આ એક એવી અનિયમિતતા છે કે જેમાં સુધારો કરી શકાય તેમ છે. નિયમોમાં ફેરફાર કરવાની આ ખામી દૂર થઇ જશે. કોર્ટે ઉમેર્યું હતું કે, આ નીતિ પર પ્રતિબધ લગાવી ન શકાય. કેન્દ્ર સરકાર વતી એટર્ની જનરલ કલામ વહાવટીએ કહ્યું હતું કે, ફેમા નિયમોમાં સંશોધન કરવા માટે તાકીદે પગલાં ભરવા માટે રીઝર્વ બેંકના ગવર્નર સાથે તેઓ વાતચીત કરશે. કોર્ટે એટર્ની જનરલની દલીલ પછી વધુ સુનાવણી પાંચમી નવેમ્બરના રોજ મુકરર કરી હતી. ન્યાયમૂર્તિ આર. એમ. લોઢા અને એ. આર. દવેની બનેલી ખંડપીઠે માત્ર અનિયમિતતાને લીધે પ્રતિબંધ મુકી ન શકાય. કેન્દ્ર સરકારને નિયમોમાં સંશોધન કરવા બે સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે. એટર્ની જનરલ વહાણવટીએ સ્વીકાર્યું હતું કે, કેન્દ્ર સરકારનો નિર્ણય હાલના નિયમને અનુરૂપ નથી.અરજીકર્તા મનોહરલાલ શર્માએ ગત ૫ મી ઓક્ટોબરે રજૂઆત કરી હતી કે એફડીઆઈના નિર્ણયને ભારતીય રિઝર્વ બેન્કના દિશાનિર્દેશો વિરુદ્ધ ગણાવ્યો હતો. શર્માએ કહ્યું હતું કે, રિઝર્વ બેન્કના હાલના નિયમો હેઠળ મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈને મંજૂરી નથી. જો મંજૂરી આપવી હોય તો સરકારે સૌથી પહેલાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા (આરબીઆઈ)ના સંબંધિત નિયમોમાં સંશોધન કરવું જોઈએ.ત્યાર બાદ કોર્ટે દેશના એટર્ની જનરલ પાસે આ મુદ્દે સલાહ માંગી હતી. એટર્ની જનરલ વહાણવટીએ આજની સુનાવણી દરમિયાન રજૂઆત કરી હતી કે, આ મુદ્દે કેન્દ્ર સરકાર રિઝર્વ બેંકનો સંપર્ક કરી રહી છે. તેમણે બે સપ્તાહનો વધુ સમય માંગ્યો હતો. તેમના અનુરોધ બાદ ખંડપીઠે સુનાવણી પાંચમી નવેમ્બર સુધી મુલતવી કરી દીધી હતી. બે સપ્તાહ દરમિયાન સંબંધિત સંશોધન કરવા કોર્ટે તાકીદ કરી હતી. નોંધનીય છે કે ગત મહિને કોંગ્રેસના નેતૃત્વ હેઠળ યુપીએ સરકારે મલ્ટીબ્રાન્ડ રીટેલમાં એફડીઆઈને મંજૂરી આપી દીધી હતી. જેના પગલે ચાવીરૂપ ઘટકપક્ષ મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના તૃણમૂલ કોંગ્રેસના સમર્થન પરત ખેંચી લીધું હતું. જેથી સરકાર પર સંકટના વાદળો ઘેરાયા હતા. જો કે બહુજન સમાજ પક્ષ અને સમાજવાદી પક્ષે સમર્થન જારી રાખ્યું હતું.

લોક અદાલતનો દરજ્જો આપવા ખાપની માંગણી

ચંદીગઢ,તા.૧૫

ખાપ મહાપંચાયત બળાત્કારના વધતાં જતા કિસ્સાઓને લઈને હરિયાણામાં ફરી એકવાર ચર્ચામાં છે. હવે ખાપ મહાપંચાયતોએ તેમને લોકઅદાલતનો દરજ્જો આપવા માટેની રજૂઆત કરી છે. લોકઅદાલતનો દરજ્જો આપવા કેન્દ્ર સરકાર અને હરિયાણા સરકારને વિધિવત્ રીતે અપીલ કરવામાં આવી છે. જુદા જુદા મુદ્દાઓ ઉપર તેમના નિર્ણયો સર્વસંમત રહે તેની ખાતરી કરવા માટે આ અપીલ કરવામાં આવી છે. ૭૦ ખાપ દ્વારા એક મિટીંગમાં હાજરી આપવામાં આવી હતી જેમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે વાતચીત કરવા એક સમીતિ બનાવવામાં આવશે. આ લોકોએ માંગ કરી છે કે એક જ ગોત્રમાં લગ્ન પર પ્રતિબંધ મૂકવામાં આવે તે જરૂરી છે. ખાપના એક સભ્યએ કહ્યું છે કે હિંદુ મેરિજ એક્ટ ૧૯૫૫માં સુધારા કરવામાં આવે તે પણ જરૂરી છે. મહાપંચાયતોએ તેમની બેઠકમાં એવી દરખાસ્તને ફગાવી દીધી હતી કે યુવતીની લગ્નની વય ૧૬ વર્ષ કરી દેવી જોઈએ. જો કે ખાપ પંચાયતો દ્વારા નવા જ સૂચનો કરવામાં આવ્યા હતા. મહિલાઓ સામે વધતા ગુનાઓને રોકવા માટે ખાપ પંચાયતોએ કેટલાક સુચનો કર્યા છે. હરિયાણામાં ભ્રૂણ હત્યાના કિસ્સાઓમાં પણ હાલમાં વધારો થયો છે. સભ્યોનું કહેવું છે કે ભ્રૂણ હત્યા માટે જવાબદાર લોકો સામે હત્યાના આરોપો હેઠળ કેસ ચાલવો જોઈએ. કારણ કે રાજ્યમાં બાળકીઓની સંખ્યામાં ઘટાડો થયો છે.

પ્રધાન માટે ૭૧ લાખની રકમ ખુબ નાની : બેની

નવી દિલ્હી,તા. ૧૫

કેન્દ્રિય સ્ટીલ પ્રધાન બેની પ્રસાદ વર્માએ આજે વધુ એક વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે એક કેન્દ્રિય પ્રધાન માટે રૂપિયા ૭૧ લાખની રકમ ખુબ નાની છે. આટલી નાની રકમ માટે કોંભાડ કરે તેમ તેઓ માનતા નથી. બેની પ્રસાદ વર્માએ સામાજિક કાર્યકરમાંથી નેતા બનેલા અરવિન્દ કેજરીવાલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો બાદ કેન્દ્રિય પ્રધાન સલમાન ખુરશીદનો બચાવ કરી રહ્યા હતા. ખુરશીદનો બચાવ કરતી વેળા બેનીએ આ નિવેદન કર્યું હતું. આગામી દિવસોમાં ભારે વિવાદ જગાવે તેવા નિવેદનમાં બેનીએ કહ્યું હતું કે સલમાન ખુરશીદ જેવા સ્તરના કેન્દ્રિય પ્રધાન માટે ૭૧ લાખ રૂપિયા ઉચાપત કરવાની વાત ગળે ઉતરતી નથી. જો મોટી રકમની વાત કરવામાં આવી હોત તો મામલો વધારે ગંભીર બની ગયો હતો.બેની પ્રસાદ પહેલાથી જ વિવાદાસ્પદ નિવેદન કરવા માટે જાણીતા રહ્યા છે.

ખુરશીદના ટ્રસ્ટમાં ગેરતિતી મામલે તપાસ ચાલી રહી છે

લખનૌ,તા. ૧૫

કેન્દ્રિય કાયદા પ્રધાન સલમાન ખુરશીદ અને સામાજિક કાર્યકરમાંતી રાજનેતા બનેલા અરવિન્દ કેજરીવાલ વચ્ચે જોરદાર શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રદાન અખિલેશ યાદવ પણ આજે મેદાનમાં



ઉતરી ગયા હતા. અખિલેશ યાદવે કહ્યું હતું કે ખુરશીદના જાકીર હુસૈન ટ્રસ્ટ દ્વારા વિકલાંગ લોકોને સાધનો આપવામાં થયેલી અનિયમિતતા અને ગેરરિતીના મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઇ ટિપ્પણી કરવી હાલમાં યોગ્ય રહેશે નહી. યાદવે લખનૌમાં પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કેહાલ તપાસ ચાલી રહી છે જેથી કોઇ વાત કરી શકાય નહી. તેમણે કહ્યું હતું કે તપાસ તો અગાઉ બહુજન સમાજ પાર્ટીના શાસનમાં જ શરૂ થઇ ગઇ હતી. જેથી હાલ કોઇ વાત કરવી અયોગ્ય અને ખુબ વહેલી તકે હશે. ઉત્તરપ્રદેશ પોલીસની આર્થિક ગુનાઓની શાખા દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. આના અધિકારીઓએ વિકલાંગ કલ્યાણ વિભાગની કેટલીક ોફિસમાં જઇને જરૂરી દસ્તાવેજો એકત્રિત કર્યા છે. દરમિયાન ઈઓડબલ્યુના અધિકારી સુરેશ ત્રિપાઠીએ કહ્યું હતું કે મામલામાં તપાસ ચાલી રહી છે. જે ૧૭ જિલ્લામાં ગેરતિતીની શંકા છે ત્યાં તપાસ ચાલી રહી છે. તપાસ માટે ચાર ટીમોની રચના કરવામાં આવી છે. સંબંધિત અધિકારીઓના નિવેદન લેવામાં આવી રહ્યા છે. ટુંક સમયમાં કેટલીક નક્કર વિગત સપાટી પર આવે તેવી શક્યતા છે.

સોનામાં ૧૦૦, ચાંદીમાં ૧૦૦નો ઘટાડો નોંધાયો

નવી દિલ્હી, તા. ૧૫

તહેવારની સિઝન શરૂ થઈ ગઈ હોવા છતાં બુલિયન બજારમાં હાલ મંદી જોવા મળી રહી છે. જો કે કારોબારીઓને નવી આશા દેખાઈ રહી છે. અમદાવાદ સોના-ચાંદી બજારમાં ગત સપ્તાહનાં અંતિમ દિવસથી શરૂ થયેલ પીછેહઠ સોમવારે ખુલતા બજારે પણ યથાવત રહી હતી. અને સોમવારે બજાર નેગેટીવ ઝોનમાં બંધ રહ્યું હતું. સર્વપ્રથમ સોનાની વાત કરીએ તે સોમવારનાં કારોબારનાં અંતે અમદાવાદ માર્કેટમાં ૧૦ ગ્રામ સોનાનાં ભાવ રૂપિયા ૩૧૪૦૦થી ૩૧૫૦૦ની સપાટીએ બંધ રહ્યા હતા. જે શનિવારે સપ્તાહનાં અંતે રૂપિયા ૩૧૫૦૦ થી ૩૧૬૦૦ ની ઉંચી સપાટી ઉપર સ્થિર હતા. જેના કારણે દિવસનાં અંતે પ્રતિકિલોગ્રામ ચાંદીનાં ભાવ રૂપિયા ૧૦૦ ના ઘટાડા સાથે રૂપિયા ૫૯૨૦૦ થી ૫૯૭૦૦ની નવી સપાટીએ બંધ રહ્યા હતા.

લાગણીનો મેળો (પાના નં. ૪ નું ચાલુ)

આમ સારી રીતે સહન કરી દુઃખનાં મીઠાં ફળ ચાખવાં કંઇ સરળ નથી. જ્યારે કપરાં સંજોગોમાં કોઇ માનવ મદદ ન મળે ત્યારે 'સુમન મન નિર્બલ કે બલરામ? આ મહાન બળનું સ્મરણ કરી અડગ બનો... ચમત્કાર સર્જાશે... ગૂંચો ઉકલી જશે... મિત્રો... ઢીલો પડી ગયેલા માણસ કરતાં આનંદ ભર્યો માણસ કામ વધારે ખેંચી શકે છે, અને લાંબો સમય ટકી પણ રહે છે... આ આનંદનું અમોઘ શસ્ત્ર એને ટકાવી રાખે છે!'

એક સંત રોજ પ્રાર્થના કરતા કે, 'હે પ્રભુ! મને સુંદર દિલ આપજે.' દોસ્તો સરસ અંતઃકરણ ગમે તેવા ભારે બોજને સરળતાથી ઊંચકી શકે છે. આ કળા આપણે સાધ્ય કરવાની છે. આપણે ઘણી ફરજો અદા કરવાની છે. ઘણી કડવાશ જીરવવાની છે, ને આ બધું જો ધીરજ હશે તો જ શક્ય બનશે.

એક યાત્રિક, એ સામાન્ય ન હતો. એની ગતિ સ્વર્ગ તરફની હતી. પ...ણ... હસતાં હસતાં સ્વર્ગે થોડું જવાય છે? રસ્તો લાંબો ને કપરો... કંટક કંકર વચ્ચે માર્ગ કરતા આગળ વધવાનું. તોબા તોબા પોકારી જઇને અત્યારે ઢેંચું પોકારી ઊઠે, હજુ કેટલે દૂર? આવે વખતે માંહ્યલા આતમરામને કહેવાનું કે બસ એટલામાં જ થાકી ગયાં? સ્વર્ગ ઝાઝું દૂર નથી... જીવન માટે આપણે સર્જાયા છીએ. પ્રભુએ કેટલીક વિશેષ જવાબદારી સાથે અહીં મોકલ્યા છે! બસ, પ્રામાણિક પ્રયાસ કરીએ...

દોસ્તો, અનેક દીવડા જોયા હશે પરંતુ પરંતુ મને બે દીવડા બરાબર યાદ રહી ગયા છે. એક કેરોસીનથી પ્રગટેલો દીવો. એનો ધૂમાડો જોયો છે? (એનું વર્ણન કરતો નથી!) અને બીજો ચોખ્ખો ઘીનો દીવો. સજ્જનના આત્મા જેવો, બાળકના વિશુધ્ધ દિલ જેવો. કોઇ અખંડ ધૈર્યવાન માણસ જોઉં ત્યારે મને આ નિર્ધૂળ દીવો દેખાય. ભડભડીયા જીવોને જોઉં ત્યારે કેરોસીનના દીવાનો ખ્યાલ મનમાં જાગે... દીવડાં તો બેય; પણ અજવાળામાં આભ-જમીનનો ફેર... બ...સ... તમે સૌ નિર્ધૂમ ધીરજના સ્વામી બનો!!!

-: સ્પર્શમણિ :-

જીવન જીવવાની એ જ ખરી કલા છે કે થોડું સુખ આનંદથી ભોગવવું અને ઘણું દુઃખ ધીરજથી સહન કરવું.